તા. 9-December-2024

સમય : સવારે 7.45 (નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 09-Dec. 2024 સવારે : 7.45 થી 7.55

વાર : સોમવાર નેશનલ બુલેટિન

## આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જયપુરમાં રાઈઝિંગ રાજસ્થાન વૈશ્વિક રોકાણ સંમેલનનું ઉદ્ઘાટન કરશે અને હરિયાણાના પાણીપતમાં બીમા સખી યોજનાનો પ્રારંભ કરાવશે.

2) ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે જણાવ્યું કે, 'શ્રીમદ્ ભગવદ ગીતા સમગ્ર વિશ્વનું માર્ગદર્શન કરી રહી છે.'

3) ઉત્તરપ્રદેશમાં મહાકુંભ માટે રેલવે વિભાગ 3 હજાર વિશેષ ટ્રેન દોડાવશે.

4) કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે નોર્વે અને ભારત વચ્ચે સ્ટાર્ટ-અપ સેતુ શરૂ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો.

5) ઓમાનમાં રમાયેલી મહિલા જુનિયર એશિયા કપ હોકીની મેચમાં ભારતે બાંગ્લાદેશને હરાવ્યું.

........................................................................

તા. 9-December-2024

સમય : સવારે 7.45 (નેશનલ)

# PM RAJASTHAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જયપુરમાં રાઈઝિંગ રાજસ્થાન વૈશ્વિક રોકાણ સંમેલનનું ઉદ્ઘાટન કરશે. જયપુર પ્રદર્શન અને સંમેલન કેન્દ્રમાં યોજાનારા ત્રણ દિવસના આ સંમેલનમાં શ્રી મોદી સ્વાગત સંબોધન પણ કરશે. આ પ્રસંગે શ્રી મોદી રાજસ્થાન ગ્લૉબલ બિઝનેસ એક્સ્પોનું પણ ઉદ્ઘાટન કરશે.

આ સંમેલનમાં રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા અને અનેક કેન્દ્રીય મંત્રી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં વેપાર જગતના 5 હજારથી વધુ પ્રતિનિધિ, રાજદ્વારી, રોકાણકાર અને અન્ય ભાગીદાર પણ સામેલ થશે. જોકે, સંમેલન પહેલા જ 30 લાખથી વધુ રૂપિયાના રોકાણ કરાર પર હસ્તાક્ષર થઈ ગયા છે. આ સંમેલનમાં 32 દેશના પ્રતિનિધિ ભાગ લઈ રહ્યા છે, જેમાંથી 17 ભાગીદાર દેશ છે.

સંમેલનના ઉદ્ઘાટન બાદ વિવિધ ક્ષેત્ર પર કેન્દ્રીત ચર્ચાઓના સત્ર યોજાશે. ત્યારબાદના દિવસે પ્રવાસી રાજસ્થાની સંમેલન અને સમાપનના દિવસે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ પર સંમેલન યોજાશે.

..........................................................................................

# PM HARIYANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બપોરે હરિયાણાના પાણીપતમાં બીમા સખી યોજનાનો પ્રારંભ કરાવશે. આ યોજનાનો ઉદ્દેશ મહિલાઓમાં નાણાકીય સાક્ષરતા અને વીમા જાગૃતિ વધારવાનો છે. ભારતની જીવન વીમા નિગમ- L.I.C.ની આ

પહેલ ધોરણ-10 પાસ 18થી 70 વર્ષની વયની મહિલાઓને સશક્ત બનાવવા માટે શરૂ કરવામાં આવી છે. તેમને વિશેષ તાલીમ અને પહેલા ત્રણ વર્ષ માટે ભથ્થાના નાણા પણ અપાશે. આ પ્રસંગે શ્રી મોદી સંભવિત બીમાસખીઓને નિયુક્તિ પ્રમાણપત્રનું પણ વિતરણ કરશે.

પ્રધાનમંત્રી મહારાણા પ્રતાપ બાગબાની વિશ્વ-વિદ્યાલય, કરનાલના મુખ્ય પરિસરનો શિલાન્યાસ પણ કરશે. 495 એકરમાં ફેલાયેલા મુખ્ય પરિસર અને છ પ્રાદેશિક સંશોધન કેન્દ્રના નિર્માણમાં 700 કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરાશે. વિશ્વ-વિદ્યાલયમાં સ્નાતક અને અનુ-સ્નાતક અભ્યાસ માટે એક બાગવાની મહાવિદ્યાલય અને બાગવાની પર આધારિત 10 વિષયો ભણવા માટે પાંચ શાળા પણ હશે.

……………………………………………………………………………

# DHANKHAD GEETA MAHOTSAV

ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું કે, ‘ભારતે ગત 10 વર્ષમાં અભૂતપૂર્વ આર્થિક અને સંસ્થાકીય વિકાસ જોયો છે. હવે ભારત, એક વિકસિત દેશ બનવવાના માર્ગે અગ્રેસર છે. એક વિકસિત ભારત સપનું નહીં, પરંતુ એક લક્ષ્ય છે અને તેને પ્રાપ્ત કરવા માટે આપણે અર્જૂનની જેમ એકાગ્રતા અને દ્રઢ ઈચ્છાશક્તિ અપનાવવી પડશે.’ ઉપ-રાષ્ટ્રપતિએ આંતરરાષ્ટ્રીય ગીતા મહોત્સવ પ્રસંગે કુરુક્ષેત્રની ગીતાજ્ઞાન સંસ્થામાં યોજાયેલા એક કાર્યક્રમમાં આ મુજબ જણાવ્યું હતું.

ભગવદ્ ગીતાના 5 મહત્વના સિદ્ધાંતોનો ઉલ્લેખ કરતા શ્રી ધનખડે કહ્યું, ‘આ સિદ્ધાંત સામાજિક વ્યવસ્થા, શાંતિ, વિકાસ, ભાઈચારા, પ્રગતિ અને સુખ માટે જરૂરી

**છે' શ્રી ધનખડે ઉમેર્યું, 'શ્રીમદ્ ભગવદ્ ગીતા સમગ્ર વિશ્વનું માર્ગદર્શન કરી રહી છે.' તેમણે તમામ લોકોને ભગવદ્ ગીતાના સાર, સકારાત્મક વિચાર અને સમરસતાનો સંદેશ સમજવા માટે પ્રેરિત કર્યા હતા.**

.....................................................................................

# SYRIA ASSAD

**સિરીયાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ બશર અલ-અસદ પશ્ચિમ એશિયાથી નીકળી પોતાના પરિવાર સાથે મૉસ્કો પહોંચ્યા છે. રશિયાના રાષ્ટ્રપતિ ભવન ક્રેમલિનના સૂત્રોના જણાવ્યા મુજબ, તેમને માનવતાના ધોરણે આશ્રય અપાયો છે.**

**સિરીયાની રાજધાની દમિશ્કનું નિયંત્રણ અબુ મોહમ્મદ અલ-જોલાનીના નેતૃત્વવાળા વિદ્રોહી સમૂહ પાસે આવ્યા બાદ બશર અલ-અસદને દેશ છોડવો પડ્યો છે. સાથે જ સિરીયામાં દાયકાઓ સાથે ચાલનારા અસદના શાસનનો અંત આવ્યો છે. સિરીયાના રાજકીય સ્થિતિમાં આવેલા ઝડપી પરિવર્તને પ્રાદેશિક સ્થિરતામાં અરબ દેશોમાં ચિંતા વધારી દીધી છે.**

આ તરફ સિરીયાની રાજધાની દમિશ્કમાં ભારતીય રાજદૂતભવન સક્રિય છે અને ત્યાંનાં ભારતીય નાગરિકોની મદદ માટે ઉપલબ્ધ છે. વિદેશ મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું કે, રાજદૂતભવન તમામ ભારતીય નાગરિકોના સંપર્કમાં છે અને તમામ લોકો સલામત છે.

.....................................................................................

તા. 9-December-2024

સમય : સવારે 7.45 (નેશનલ)

# ASHWINI PRAYAGRAJ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની 13 ડિસેમ્બરે યોજાનારી ઉત્તરપ્રદેશના પ્રયાગરાજની મુલાકાત પહેલા કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઈકાલે મહાકુંભની તૈયારીઓની સમીક્ષા કરી હતી. તેમણે પ્રયાગરાજના પાંચ રેલવેમથકનું નિરીક્ષણ કર્યું. સંવાદદાતા સંમેલનમાં શ્રી વૈષ્ણવે કહ્યું, મહાકુંભ માટે 3 હજાર વિશેષ ટ્રેન ચલાવવામાં આવશે. મહાકુંભ દરમિયાન ટ્રેનની અવરજવર પર દેખરેખ રાખવા માટે એક પ્રખર નિયંત્રણ ખંડ પણ બનાવાયા છે.

(બાઈટઃ અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય રેલવે મંત્રી)

.............................................................................

# FORMER PUDUCHERRY CM - DEMISE

પુડુચેરીના પૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ નેતા એમડીઆર રામચંદ્રનનું ગઈકાલે રાત્રે લાંબી બિમારી બાદ 90 વર્ષની વયે અવસાન થયું છે. શ્રી રામચંદ્રને વર્ષ 1980થી 1983 અને 1990થી 1991 સુધી પુડુચેરીના મુખ્યમંત્રી તેમજ 2001થી 2006 સુધી પુડુચેરી વિધાનસભાના અધ્યક્ષ તરીકે સેવાઓ આપી હતી.

પુડુચેરીના મુખ્યમંત્રી એન. રંગાસામીએ શોક સંદેશમાં કહ્યું કે, મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન શ્રી રામચંદ્રને અનેક જનકલ્યાણ યોજનાઓ અમલમાં મૂકી હતી. વિધાનસભાના અધ્યક્ષ તરીકે તેમણે અનોખી છાપ છોડી અને રાજ્યના વિકાસમાં દૂરગામી યોગદાન આપ્યું.

તેમના અવસાન પર પુડુચેરી સરકારે ત્રણ દિવસનો શોક જાહેર કર્યો છે. તેમના અંતિમ સંસ્કાર સંપૂર્ણ રાજકીય સન્માન સાથે કરાશે.

..........................................................................

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો.

..........................................................................

# GOYAL INDIA NORWAY

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે નૉર્વે અને ભારતના વેપાર સંબંધોને વધારવા વિવિધ ઉપાયો પર ચર્ચા કરતાં બંને દેશ વચ્ચે એક સ્ટાર્ટ-અપ સેતુ શરૂ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. તેમણે બંને દેશ વચ્ચે દ્વિપક્ષી વેપાર અને રોકાણમાં વૃદ્ધિ માટે સંબંધિત મંત્રાલયોની સાથે મળી તેની સાથે જોડાયેલી ચિંતાઓને સામૂહિક રીતે દૂર કરવા અંગે પોતાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી.

શ્રી ગોયલ ઉદ્યોગ અને આંતરિક વેપાર સંવર્ધન વિભાગના સહયોગથી ભારતીય ઉદ્યોગ સંઘ- C.I.I. તરફથી મુંબઈમાં યોજાયેલા ભારત-નૉર્વે બિઝનેસ ફૉરમને સંબોધિ રહ્યા હતા. શ્રી ગોયલે ભારતને એક આકર્ષક વૈશ્વિક રોકાણ કેન્દ્ર તરીકે રજૂ કરી નૉર્વેની કંપનીઓને નિમંત્રણ પણ આપ્યું હતું.

તા. 9-December-2024

સમય : સવારે 7.45 (નેશનલ)

ઉલ્લેખનીય છે કે, ભારત અને યુરોપિયન મુક્ત વેપાર સંઘ વચ્ચે તાજેતરમાં જ વેપાર અને આર્થિક ભાગીદારી સમજૂતી- **T.E.P.A.** પર હસ્તાક્ષર થયા છે, જેની આર્થિક સહયોગને મજબૂત કરવાની દિશામાં એક મહત્વના પગલાં તરીકે પ્રશંસા કરવામાં આવી.

..........................................................................

# HOCKEY ASIA CUP

ભારતે ગઈકાલે ઑમાનના મસ્કતમાં મહિલા જુનિયર એશિયા કપ હૉકીમાં બાંગ્લાદેશને 13 એકથી પરાજય આપ્યો હતો. ભારત માટે મુમતાઝ ખાને ચાર, કનિકા સિવાચ અને દીપિકાએ ત્રણ-ત્રણ ગૉલ કર્યા હતા. જ્યારે મનીષા, બ્યૂટી ડુંગડુંગ અને ઉપ-સુકાની સાક્ષી રાણાએ પણ ગૉલ કરી ટીમની જીતમાં યોગદાન આપ્યું હતું. ભારત હવે પોતાના આગળની ગ્રૂપ મેચમાં આજે મલેશિયા સામે રમશે.

સ્પર્ધાની શરૂઆતની ગ્રૂપ-એ મેચમાં ચીને બાંગ્લાદેશને 19 શૂન્યથી હરાવ્યું હતું. જ્યારે ગ્રૂપ-એની અન્ય એક મેચમાં મલેશિયાએ થાઈલેન્ડને 3 શૂન્યથી હરાવ્યું હતું. પૂલ બીની એક મેચમાં જાપાને શ્રીલંકાને 15 શૂન્યથી હરાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ખંડીય સ્પર્ધાઓમાં 10 ટીમ ભાગ લઈ રહી છે. ગત વિજેતા ભારતને ચીન, મલેશિયા, થાઈલેન્ડ અને બાંગ્લાદેશની સાથે ગ્રૂપ-એમાં રાખવામાં આવ્યું છે. જ્યારે પૂલ-બીમાં દક્ષિણ કૉરિયા, જાપાન, ચીની તાઈપે, હૉંગકૉંગ અને શ્રીલંકા સામેલ છે.

..........................................................................

તા. 9-December-2024

સમય : સવારે 7.45 (નેશનલ)

# અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર

# રજૂ કરે છે નીકિતા શાહ.....

*********************************

- 12 લોકોના જીવ લેનાર તાંત્રિકનાં સરખેજ પોલિસની કસ્ટડીમાં ભેદી મોતનાં સમાચારને સંદેશ, ફુલછાબ, રાજસ્થાન પત્રિકાએ હેડલાઇન બનાવી છે.
- સીરિયામાં આંતરિક સંઘર્ષનાં સમાચાર કેટલાંક દૈનિકોની હેડલાઇનમાં જોવા મળે છે. નવગુજરાત સમાચારની હેડલાઇન છે- સીરિયામાં બળવાખોરોએ સરકાર ઉથલાવીઃ અસદ ભાગ્યા,
- ગુજરાત સમાચાર લખે છે કે, વિમાન તોડી પડાયાની અટકળો વચ્ચે અસદ પરિવાર સાથે મોસ્કો પહોંચ્યા
- ઇન્ડિયન એક્સપ્રેસના અહેવાલ પ્રમાણે આ વર્ષે જાન્યુઆરીથી સપ્ટેમ્બર દરમિયાન અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓને અપાતા વિઝામાં 38 ટકા ઘટાડો થયો છે
- ગાંધીનગરમાં લિંબડિયા કેનાલ પાસે ટ્રક-કાર અકસ્માતમાં બે યુવકનાં મૃત્યુના સમાચાર તમામ અખબારોમાં જોવા મળે છે.
- દિવ્ય ભાસ્કર પ્રથમ પાને વિશેષ અહેવાલમાં જણાવે છે કે, સાબરકાંઠાના સલાલ ગામમાં કર્કરેખા પર દેશનો પ્રથમ સાયન્સ પાર્ક શરૂ થશે
- સંદેશનાં અહેવાલ પ્રમાણે સૂચિત જંત્રીનો અમલ થતાં રાજ્યનાં 14 હજાર 736 પ્રોજેક્ટને સીધી અસર થશે
- ગુજરાત સમાચાર લખે છે કે, આજે આંતરરાષ્ટ્રીય ભ્રષ્ટાચાર દિવસ- ગુજરાતમાં 21 વિભાગમાં 12 હજારથી વધુ ફરિયાદો, 90 ટકા કેસ પેન્ડિંગ

- -ડેસ્ક અનિલ

*********************